# રાહુલ ગાંધી વિરુદ્ધ ફરિયાદ દાખલ કરાઈ


એજન્સી | નવી દિલ્હી

દિલ્હીના દલિત બાળકી પર ગેંગ રેપ અને મર્ડર બાબતે કરવામાં આવેલ ટ્વિટને લઈને કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધી વિરુદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી છે. આ ફરિયાદ બીજેપી પ્રવક્તા નવીન કુમારે નવી દિલ્હીના બારાખંબા પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવી છે. નવીને પોતાની ફરિયાદમાં લખ્યું છે કે રાહુલ ગાંધી વિરુદ્ધ પોક્સો કાયદાની ધારાઓ પ્રમાણે કાર્યવાહી કરવામાં આવે. રાહુલે પોક્સોની ધારાઓની અવગણના કરી છે.રાહુલ ગાંધીએ બાળકીના માતા-પિતા સાથે મુલાકાત પછી તેમની તસવીર સોશિયલ મીડિયામાં શેર કરી હતી, જે પછી હોબાળો થયો હતો.માઈક્રો બ્લોગિંગ વેબસાઈટે ટ્વિટરને તસવીરો જાહેર કરવા પર રાહુલ ગાંધી અને કોંગ્રસના ઓફિશિયલ એકાઉન્ટ સહિત કેટલાક નેતાઓના ટ્વિટર એકાઉન્ટ બ્લોક કર્યા હતા. જે પછી રાહુલ ગાંધીએ તેમજ કોંગ્રેસે ભારે હોબાળો કરેલા અને ટ્વિટર પર પક્ષપાતનો આરોપ પણ લગાવ્યો હતો. ટ્વિટરે ઉત્તરમાં કહ્યું હતું કે ભારતીય કાયદા પ્રમાણે પીડિતોની સુરક્ષા અને ગોપનિયતા હેતુ તસવીરો જાહેર ન કરવી જોઈએ પરંતુ રાહુલ ગાંધીએ કાયદાનું ઉલ્લઘન કરતા તેમની સાથે આ એક્શન લેવી પડી હતી.

## બીએસઇ ટાવર તિરંગાની રોશનીથી ઝળહળ્યો



મુંબઈ | 75મા સ્વતંત્રતા દિન નિમિત્તે મુંબઈ શેરબજાર ઈમારતને પણ રોશનીથી શણગારવામાં આવી હતી. બીએસઈ સેન્સેક્સ શુક્રવારે 55 હજારને પાર થવાથી શેરબજારમાં પણ તેજી જોવા મળે છે. તેની અસર 75મા સ્વતંત્રતા દિન નિમિત્તે બીએસઈ ટાવર પર કરાયેલી તિરંગાની રોશનીમાં પણ જોવા મળી હતી.




**DB Corp Ltd**

## 30 જૂન, 2021ના અંતે પૂરા થતાં ત્રિમાસિકનો અનઓડિટેડ એકત્રિત નાણાંકીય પરિણામનો ઉતારો

(રૂા. મિલિયનમાં શેરદીઠ વિગતો સિવાય)

| વિગતો | એકત્રિત | | |
|---|---|---|---|
| | જૂન 30, 2021 ત્રિમાસિક (અનઓડિટેડ) | જૂન 30, 2020 ત્રિમાસિક (અનઓડિટેડ) | માર્ચ 31, 2021 વાર્ષિક (ઓડિટેડ) |
| **ઓપરેશન દ્વારા કુલ આવક** | 3,042.57 | 2,104.14 | 15,077.03 |
| **ચોખ્ખો નફો /(નુકશાન) ત્રિમાસિક / વર્ષ માટે (કર, અસાધારણ અને / અથવા અસામાન્ય આઈટમ પહેલા)** | (282.12) | (637.20) | 1,800.53 |
| **ચોખ્ખો નફો /(નુકશાન) ત્રિમાસિક / વર્ષ માટે કર પહેલા (અસાધારણ અને / અથવા અસામાન્ય આઈટમો પછી)** | (282.12) | (637.20) | 1,932.47 |
| **ચોખ્ખો નફો /(નુકશાન) ત્રિમાસિક / વર્ષ માટે (કર, અસાધારણ અને / અથવા અસામાન્ય આઈટમો પછી)** | (222.53) | (480.49) | 1,414.18 |
| **કુલ વ્યાપક આવક / (નુકશાન) ત્રિમાસિક / વર્ષ માટે** [સમાવિષ્ટ નફો (કર પછી) અને અન્ય વ્યાપક આવક (કર પછી) ત્રિમાસિક / વર્ષ માટે] | (222.53) | (480.49) | 1,390.75 |
| પેઈડ-અપ ઈક્વિટી શેર કેપિટલ (ફેશ વેલ્યુ રૂા. 10/- દરેક ફુલ્લી પેઈડ) | 1,749.62 | 1,749.55 | 1,749.61 |
| અન્ય ઈક્વિટી | | | 16,479.03 |
| **આવક શેર દીઠ** (રૂા. 10/- દરેક) | | | |
| - બેઝીક | (1.27) | (2.75) | 8.08 |
| - ડાઈલ્યુટેડ | (1.26) | (2.75) | 8.04 |

નોંધ:

(1) 13 ઓગસ્ટ, 2021 ની સંબંધિત મિટીંગમાં ઉપરોક્ત પરિણામની ઓડિટ કમિટીએ સમીક્ષા કરી અને બોર્ડ ઓફ ડિરેક્ટરોએ બહાલી આપી. ઓડિટર્સ દ્વારા રજૂ કરવામાં આવેલા અહેવાલમાં કોઈ ક્વોલિફીકેશન નથી.

(2) 30 જૂન, 2021 ના અંતે પુરા થતા ત્રિમાસિકના અંતે અનઓડિટેડ નાણાંકીય પરિણામનો ઉતારો (એકલ આધારે) (રૂા. મિલિયનમાં)

| વિગતો | જૂન 30, 2021 ત્રિમાસિક (અનઓડિટેડ) | જૂન 30, 2020 ત્રિમાસિક (અનઓડિટેડ) | માર્ચ 31, 2021 વાર્ષિક (ઓડિટેડ) |
|---|---|---|---|
| **કુલ આવક ઓપરેશનથી** | 3,042.56 | 2,104.14 | 15,077.03 |
| **ત્રિમાસિક/વર્ષ માટે કર પહેલા નફો / (નુકશાન)** | (281.93) | (637.26) | 1,931.47 |
| **ત્રિમાસિક/વર્ષ માટે કર પછી નફો / (નુકશાન)** | (222.34) | (480.55) | 1,413.28 |

(3) 13 ઓગસ્ટ, 2021 ના યોજાયેલ બોર્ડ ઓફ ડિરેક્ટરોની મિટીંગમાં ફેશ વેલ્યુ રૂા. 10 દરેક દીઠ ઈક્વિટી શેર દીઠ વચગાળાનું રૂા. 2 ડિવિડન્ડ જાહેર કરવામાં આવ્યું છે, જે કંપની દ્વારા જાહેર રેકોર્ડ તારીખ પ્રમાણે તમામ યોગ્ય શેરહોલ્ડરોને ચૂકવવામાં આવશે.

(4) આવકવેરા વિભાગે આવકવેરા કાયદો, 1961 ની કલમ 132 હેઠળ કંપનીના વિવિધ બિઝનેસ પરિસરમાં 22 જુલાઈ, 2021ના સર્ચ ઓપરેશન હાથ ધર્યુ હતું. સર્ચ દરમ્યાન કંપનીએ આવકવેરા અધિકારીઓને પૂરતો સહકાર આપી અને તેમના દ્વારા માંગવામાં આવેલ તમામ માહિતી પૂરી પાડવામાં આવી હતી. સિક્યુરીટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (જવાબદારી અને જાહેર કરવાની જરૂરિયાતની યાદી) નિયમન 2015 (સુધારો) નિયમન 30 અનુસાર કંપનીએ 23 જુલાઈ, 2021ના આ સંબંધમાં સ્ટોક એક્સચેન્જમાં જરૂરી ખુલાસો કર્યો હતો. આ નાણાંકીય પરિણામો જાહેર કરવાની તારીખે, આવકવેરા વિભાગ તરફથી તેમની તપાસ / મુલ્યાંકનનું નિષ્કર્ષ અંગે કંપનીને કોઈ ઔપચારિક વિગતો પ્રાપ્ત થઈ નથી. મેનેજમેન્ટનું માનવું છે કે 30 જુન, 2021 ના રોજ કંપનીની નાણાંકીય સ્થિતિ અને તે તારીખે સમાપ્ત થયેલ ત્રિમાસિક ગાળાની કામગીરી પર આની કોઈ અસર થશે નહીં અને તેથી આ નાણાંકીય પરિણામોમાં કોઈ જવાબદારી માટે કોઈ જોગવાઈને માન્યતા આપવામાં આવી નથી.

(5) કોવિડ-19 ની પરિસ્થિતિ સતત વિકસીત થઈ રહી છે. જૂથે આ રોગચાળાની તેની બિઝનેસ કામગીરી, પ્રવાહિતા અને નાણાંકીય સ્થિતિ પર અસરનું મુલ્યાંકન કર્યું છે અને વર્તમાન સંકેતો અને આર્થિક સ્થિતિની મેનેજમેન્ટની સમીક્ષાના આધારે 30 જુન, 2021ના રોજ સમાપ્ત થયેલા ત્રિમાસિકના નાણાંકીય પરિણામોમાં વધારાની ગોઠવણની જરૂર નથી. પ્રકૃતિ અને સમયગાળા સાથે સંકળાયેલ અનિશ્ચિતતાને ધ્યાને લેતા, આ નાણાંકીય પરિણામોની મંજૂરીની તારીખના અંદાજની અસર અલગ હોઈ શકે છે. આ જૂથ ભવિષ્યની આર્થિક પરિસ્થિતિમાં કોઈપણ ભૌતિક ફેરફારોનું નિરીક્ષણ કરવાનું ચાલુ રાખશે.

(6) ઉપરોક્તએ 30 જૂન, 2021ના ત્રિમાસિકના અંતે પુરા થતા અનઓડિટેડ એકલ અને એકીકૃત નાણાંકીય પરિણામનો ઉતારો છે. જેને સિક્યુરીટી એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (જવાબદારી અને જરૂરિયાતની યાદી) નિયમન 2015ના નિયમ 33 હેઠળ સ્ટોક એક્સચેન્જમાં રજૂ કર્યો છે. આ નાણાંકીય પરિણામની સંપૂર્ણ વિગતો સ્ટોક એક્સચેન્જની વેબસાઈટ www.bseindia.com, www.nseindia.com અને કંપનીની વેબસાઈટ https://dbcorpltd.com ઉપર ઉપલબ્ધ છે.

**બોર્ડ ઓફ ડિરેક્ટરો માટે અને વતી**
**સુધીર અગ્રવાલ**
**મેનેજીંગ ડિરેક્ટર (ડીઆઈએનઃ 00051407)**

**સ્થળઃ મુંબઈ**
**તારીખઃ 13 ઓગસ્ટ, 2021**

**ડી.બી. કોર્પ લિમિટેડ - રજીસ્ટર્ડ કાર્યાલયઃ પ્લોટ નં. 280, સરખેજ - ગાંધીનગર હાઈવે, વાયએમસીએ ક્લબ પાસે, મકરબા, અમદાવાદ - 380051, ગુજરાત**
**ઈ-મેલઃ dbcs@dbcorp.in - વેબસાઈટઃ www.dbcorpltd.com - ટેલી.નં.: 022-71577000 - સીઆઈએન નં.: L22210GJ1995PLC047208**


# ભારત ભાગ્ય વિધાતા

B2B SPECIAL

IMPACT FEATURE

જાહેરાત માટે સંપર્ક કરો : 8000 142505

# સ્વતંત્રતા 15 ઓગસ્ટ 1947ની રાત્રે 12 વાગ્યે જ કેમ ?



દર વર્ષે 15 ઓગસ્ટના દિવસે સંપૂર્ણ ભારત સ્વતંત્રતા દિવસની ઉજવણી કરે છે, પણ ક્યારેય વિચાર્યુ છે કે આ દિવસની શું ખાસ વાત હતી, કે આપણને 15 ઓગસ્ટ 1947ની રાત્રે 12 વાગ્યે સ્વતંત્રતા મળી.

## રાત્રિના 12 વાગ્યે જ કેમ?

જ્યારે લોર્ડ માઉન્ટબેટને આઝાદી મળવાની તારીખ ૩ જૂન ૧૯૪૮થી ૧૫ ઑગસ્ટ ૧૯૪૭ કરી દીધી તો દેશના જ્યોતિષીઓમાં ખળભળાટ મચી ગયો. તેમના મુજબ આ તારીખ અમંગળ અને અપવિત્ર હતી. લોર્ડ માઉન્ટબેટનને બીજી તારીખો પણ જણાવવામાં આવી હતી પરંતુ તે ૧૫ ઑગસ્ટને લઈને મક્કમ હતાં. જો કે તે પછી જ્યોતિષીઓએ એક ઉકેલ આપ્યો.



તેઓએ ૧૪ અને ૧૫ ઑગસ્ટની રાત્રે ૧૨ વાગ્યાનો સમય નક્કી કર્યો, કારણ કે અંગ્રેજો પ્રમાણે દિવસ રાત્રે ૧૨ વાગ્યે જ શરૂ થાય છે પરંતુ હિન્દુ કેલેન્ડર મુજબ સૂર્યોદયે દિવસ થાય છે. ફક્ત એટલું જ નહીં તેઓએ નેહરુને પણ કહ્યું હતું કે આપણી આઝાદીનું ભાષણ અભિજીત મુહૂર્તમાં રાત્રે ૧૧.૫૧થી ૧૨.૩૯ વાગ્યા સુધીમાં જ આપવું પડશે. તેમાં એક અન્ય શરત પણ હતી કે નેહરુજીને પોતાનું ભાષણ રાત્રે ૧૨ વાગ્યા સુધીમાં પૂરું કરી દેવું પડશે, જે પછી શંખનાદ કરવામાં આવશે, જે એક નવા દેશના જન્મની ગૂંજ દુનિયા સુધી પહોંચાડશે. આજે આપણા દેશને આઝાદ થયે ૭૪ વર્ષ થઈ ગયા એટલે આપણા માટે એ જાણવું જરૂરી છે કે આપણને ૧૫ ઑગસ્ટ ૧૯૪૭ના રોજ જ કેમ આઝાદી મળી.

## 15 ઑગસ્ટે જ કેમ આઝાદી?



લોર્ડ માઉન્ટ બેટન ૧૫ ઑગસ્ટની તારીખને શુભ માનતા હતા કારણ કે દ્વિતીય વિશ્વયુદ્ધ સમયે ૧૫ ઓગસ્ટ ૧૯૪૫ના રોજ જાપાની આર્મીએ આત્મસમર્પણ કર્યું હતું અને તે સમયે લોર્ડ માઉન્ટબેટન અલાઈડ ફોર્સના કમાન્ડર હતા.

## વર્ષ 1947માં જ આઝાદી શા માટે?

ગાંધીજીના જનઆંદોલનથી દેશની જનતા આઝાદી માટે જાગૃત થઈ ગઈ હતી. તો બીજી બાજુ સુભાષચંદ્ર બોઝની આઝાદ હિન્દ ફોજની ગતિવિધિઓએ અંગ્રેજ શાસનના નાકે દમ લાવી દીધો હતો. ૧૯૪૫માં બીજું વિશ્વયુદ્ધ પૂરું થતા અંગ્રેજોની આર્થિક હાલત ખરાબ થઈ ગઈ હતી. બીજા દેશોની વાત તો છોડો, તેઓ પોતાના દેશ પર શાસન કરવામાં પણ અસમર્થ બની ગયા હતા. ૧૯૪૫ની બ્રિટિશ ચૂંટણીઓમાં લેબર પાર્ટીની જીતે આઝાદીના દ્વાર ખોલી નાખ્યા હતા કારણકે તેઓએ પોતાના મેનીફેસ્ટોમાં ભારત જેવી બીજી અંગ્રેજ કોલોનીઓને પણ આઝાદ કરવાની વાત કહી હતી. ઘણાં મતભેદો અને હંગામા છતાં પણ ભારતીય નેતાઓની વાત લોર્ડ વેવેલથી શરૂ થઈ ગઈ હતી અને સ્વતંત્ર ભારતનું સપનું પૂર્ણ થવાનું હતું.

ફેબ્રુઆરી ૧૯૪૭માં માઉન્ટબેટને ભારતના અંતિમ વાઈસરોય પસંદ કરાયા કે જેના પર વ્યવસ્થિત રીતે ભારતને સ્વતંત્રતા અપાવવાની જવાબદારી હતી. શરૂઆતની યોજના અનુસાર ભારતને જૂન ૧૯૪૮માં આઝાદી મળવાની જોગવાઈ હતી. વાઈસરોય બન્યા પછી તુરંત લોર્ડ માઉન્ટબેટનની ભારતીય નેતાઓ સાથે વાત શરૂ થઈ ગઈ હતી પરંતુ તે એટલું પણ સહેલું નહોતું. જીન્ના અને નેહરૂની વચ્ચે ભાગલાને લઈને પ્રથમથી જ ખેંચતાણ ચાલી રહી હતી. જીન્નાએ અલગ રાષ્ટ્ર બનાવવાની માંગ રાખી દીધી હતી જેના લીધે ભારતના ઘણાં ક્ષેત્રોમાં સાંપ્રદાયિક ઝગડાઓ શરૂ થઈ ગયા હતા. માઉન્ટબેટને તેની અપેક્ષા નહોતી કરી અને તેના પહેલાં સંજોગો વધુ બગડે આઝાદી ૧૯૪૮ની જગ્યાએ ૧૯૪૭માં જ દેવાની વાત નક્કી થઈ હતી.

















